# આવો, જોડાવ, ઉજવણી કરો અને દેશ માટે હિસ્સો આપો

## એક ભારત, શ્રેષ્ઠ ભારત બનાવવા યુવાનો આગળ આવે : યુવા પ્રવાસી ભારતીય દિનનો પ્રારંભ કરાવતા સુષ્મા સ્વરાજ : બિનનિવાસી ભારતીયો એ સાંસ્કૃતિક દૂત છે : યુકેના એમપી પ્રિતિ પટેલ

ગાંધીનગર, તા.૭

ભારતના વિદેશ બાબતોના મંત્રી સુષ્મા સ્વરાજે આજે ભારતને એક ભારત-શ્રેષ્ઠ ભારત બનાવવા વિશ્વભરમાંથી પધારેલા બિન નિવાસી ભારતીયોને આહવાન કરતાં જણાવ્યું હતું કે બિન નિવાસી ભારતીયોના પૂર્વજો આ ધરતીના છે. તેમની પરંપરાઓ પણ ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલી છે તેથી કમ, કનેક્ટ, સેલિબ્રેટ એન્ડ કોન્ટ્રીબ્યુટ ફોર ધ કન્ટ્રી.

કેન્દ્રીય મંત્રીએ આજે ગુજરાતના મહાત્મા મંદિર ખાતે પ્રવાસી ભારતીય દિવસ સંદર્ભે આયોજીત યુવા પીબીડીનો શુભારંભ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વિદેશમાં સ્થાયી થયેલા લાખો બિન નિવાસી ભારતીયોને ભારતમાતા સાથે જોડવા માટે પૂર્વ -ધાનમંત્રી અટલ બિહારી વાજપેયીએ ૨૦૦૩માં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીનો પ્રયાસ કર્યો હતો. મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી આજથી ૧૦૦ વર્ષ પૂર્વે એટલે કે ૯મી જાન્યુઆરી-૧૯૧૫ના રોજ પરત ફર્યા હતા. આજે ૨૦૧૫માં ભારત વિશ્વભરમાં શક્તિશાળી દેશ તરીકે ઉભરી રહ્યો છે.

સ્વરાજે કહ્યું હતું કે યુવાશક્તિ ભારતની મોટી તાકાત છે. ભારતની ૫૦ ટકા વસતિ ૨૫ વર્ષથી ઓછી વયની છે. ભારતની લોકશાબી વ્યવસ્થા પણ શ્રેષ્ઠ રીતે આગળ વધી રહી છે. ભારતના સફળ મંગલ મિશનનો ખર્ચ હોલીવુડની ગ્રેવીટી ફિલ્મ કરતાં પણ ઓછો છે. વિશ્વમાં ઈન્ડિયન સોફ્ટ પાવરના પ્રભુત્વ અંગે તેમણે કહ્યું કે બ્રિટીશરો ભારતીય કઢી ખાય છે. કેલિફોર્નિયાના લોકો ભારતીય યોગાને અપનાવતા થયા છે. ઈજીપ્શિયન હિન્દી ફિલ્મોના ગીતો સાથે ડાન્સ કરે છે. આ ભારતની તાકાત છે.





૧૩મી પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીની પૂર્વસંધ્યાએ યોજાયેલા યુથ પીબીડીના ઉદ્ઘાટન પ્રસંગે મેમ્બર ઓફ પાર્લામેન્ટ અને યુનાઈટેડ કિંગડમ પ્રાઈમ મિનિસ્ટર્સ ડાયસ્પોરા ચેમ્પિયન પ્રિતિ પટેલે ઈન્ડિયન ડાયસ્પોરાના વૈશ્વિક મહત્વને સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે આજે ભારતનું અને ભારતીયોનું વૈશ્વિક મહત્વ વધ્યું છે. બ્રિટનમાં ૧.૫ મિલિયન ભારતીયો વસે છે. એટલું જ નહી, લેસ્ટર જેવા શહેરમાં તો ગુજરાતીઓ ઓળખસમા બની ચૂક્યા છે. ઈંગ્લેન્ડના વિકાસમાં ગુજરાતીઓનો બહુ મોટો ફાળો છે તેથી આ બન્ને દેશોના સબંધોમાં યુવાવર્ગની ભૂમિકા અત્યંત મહત્વની બની જાય છે.

તેમણે કહ્યું કે વિકાસની વૈશ્વિક દોડમાં શિક્ષણ, તાલીમ દ્વારા યુવાનોએ સજ્જતા કેળવવી પડશે. યુકે-ઈન્ડિયા એજયુકેશન પ્રોગ્રામ હેઠળ એક લાખ વિદ્યાર્થીઓ બ્રિટનમાં શિક્ષણ મેળવી રહ્યા છે. બિન નિવાસી ભારતીયો એ સાંસ્કૃતિક દૂત છે.

આ પ્રસંગે કેન્દ્રના રમત ગમત અને યુવા બાબતોના રાજયમંત્રી સર્વાનંદ સોનોવાલે રાષ્ટ્રના વિકાસમાં યુવાનોની ભૂમિકાને સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે ભારત દેશની ૬૫ ટકા વસતિ ૩૫ વયથી નીચેની વયની છે. ભારત એ વિશ્વનો સૌથી યુવાન દેશ છે. ભારતને ગ્લોબલ લિડર બનાવવામાં બિન નિવાસી ભારતીયોના ફાળાની તેમણે સરાહના કરી હતી..

વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન ઓફ સ્ટુડન્ટ્સ એન્ડ યુથના ચેરપર્સન ડો. રશ્મી દાસે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા સ્વચ્છ ભારત, મેઈક ઈન ઈન્ડિયા જેવા કાર્યક્રમો માત્ર સરકારના જ નહીં, લોકોના કાર્યક્રમો બની ગયા છે.

કાર્યક્રમની શરૂઆતમાં વિદેશી બાબતોના મંત્રાલયના સચિવ સુનિલ સોનીએ ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું અને જણાવ્યું હતું કે ભારતીય પ્રવાસી તરીકે દક્ષિણ આફ્રિકાથી મહાત્મા ગાંધીજી પરત ફર્યા ત્યારે તેઓ યુવાન હતા અને એક પ્રવાસી ભારતીય યુવાનની આ વૈશ્વિક સિદ્ધિ સમગ્ર વિશ્વએ નિહાળી હતી ત્યારે યુથ પીબીડી એ યુવાનોની ભૂમિકાના મહત્વને સ્પષ્ટ કરે છે.

## ગ્લોબલ ટ્રેડ શૉના મુલાકાતીઓએ પોઈન્ટ બસ સ્ટેન્ડમાં પાર્કિંગ કરતા શહેરના મુસાફરો હાલાકીમાં

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના હેલિપેડ ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શૉ ને કારણે સચિવાલયની પોઈંટ બસોના સ્ટેન્ડમાં પાર્કિંગ થઈ જતાં સરકારી કર્મચારીઓને બસ માટે તકલીફો પડી હતી.

સચિવાલય પોઈંટની બસોનું સ્ટેન્ડ તેમજ જિલ્લા પંચાયતની બહારનું મેદાન-ગાડીઓથી ઉભરાઈ જવા પામ્યુ હતુ.

આજે સાંજે સાડા પાંચ કલાકે કેન્દ્રના વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ અને મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે આ પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

ચ-રોડ પર આજે શહેરના અન્ય માર્ગો બંધ હોવાને કારણે ટ્રાફિકનું ભારણ વધી જવા પામ્યુ હતુ. જો કે આજે આખો દિવસ પોલીસને ટ્રાફિક નિયમન સતત કરવુ પડ્યુ હતુ. પ્રદર્શનને લઈ સે. ૧૭નો રીંગ રોડ પણ વાહન પાર્કિંગને કારણે સેક્ટરોના રહીશોને ભારે તકલીફોનો સામનો કરવો પડ્યો હતો. જો કે આજે ઘ-૩ થી ઘ-૫ નો માર્ગ પ્રતિબંધિત હોવા છતાં ટ્રાફિકના ભારણને ધ્યાને રાખી પોલીસે તેનો અમલ પણ કડકાઈથી કરાવ્યો ન હતો. ગાંધીનગર શહેરના ચ-રોડ પર પ્રદર્શનના મુલાકાતીઓને લઈ વાહનોનો મોટી સંખ્યામાં ખડકલો થઈ ગયો હતો. પોલીસે પણ આજે અવળા વાહનો જે પાર્ક કરાયા હતા તેને ટોઈંગ કર્યા હતા અને દંડને વસુલ્યો હતો. પોલીસે ટોઈંગ માટે ચાર જેટલી ક્રેઈનો પણ મંગાવી છે જે સતત આજે ફરતી રહી હતી.



ગ્લોબલ ટ્રેડ-શૉનો પ્રારંભ - ગાંધીનગરમાં પ્રવાસી ભારતીય દિવસ અને ગ્લોબલ વાયબ્રન્ટ સમિટના પગલે રાજ્ય સરકાર દ્વારા આયોજીત ગ્લોબલ-ટ્રેડ-શૉનો મંગલ પ્રારંભ વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ અને મુખ્યમંત્રી આનંદીબેન પટેલના વરદ હસ્તે કરાયો હતો. સાત દિવસ યોજાનાર એક્ઝીબિશનમાં ૧ ૩૦૦ સ્ટોલમાં વિવિધ રાજ્યોના અને વિવિદ પ્રકારના પ્રદર્શનો ગોઠવાયા છે... ૨૦ લાખથી વધુ મુલાકાતીઓ આ પ્રદર્શનનો લાભ લે એવો એક અંદાજ છે...

## ... ને પૂર્ણિમાબેનને તાત્કાલિક આઈસીસીયુમાં સારવાર માટે ખસેડાયા

ગાંધીનગર, તા. ૭

અમેરિકા રહેતા વડોદરાના પૂર્ણિમાબેન આજે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શૉ ના પ્રારંભમાં હાજરી આપવા માટે પહોંચ્યા ત્યાં તેમને ચક્કર આવતાં તાત્કાલિક હેલિપેડ ખાતે હાજર મેડીકલ ટીમ પાસે હેલ્થની ચકાસણી માટે લઈ જવાયા હતા.

પૂર્ણિમાબેનને ત્યાં તાત્કાલિક તપાસમાં બ્લડપ્રેશર વધારે હોવાનું જણાતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડાયા હતા.

હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પૂર્ણિમાબેનને ડાયાબીટીસ અને બી.પી.ની તકલીફ હોવાને કારણે તેમને આઈ.સી.સી.યુ.માં દાખલ કરાયા છે. જ્યાં તેમની તબિયત સારી છે અને સુધારા પર છે.

ગાંધીનગરમાં પ્રવાસી ભારતીય દિવસ અને વાઈબ્રન્ટને લઈ ૩૦ જેટલી મેડીકલ ટીમો તૈનાત રાખવામાં આવેલી છે તે ઉલ્લેખનીય છે.

હેલીપેડ ખાતે પાંચ પથારીની ખાસ સુવિધા સાથે પાંચ મેડિકલ ટીમો તૈનાત કરવામાં આવી છે તો છ જેટલી આઈસીસીયુ ઓન વ્હીલ્સ પણ તૈનાત કરવામાં આવેલી છે. આ ઉપરાંત મહાત્મા મંદિર ખાતે ત્રણ પથારીની સુવિધા સાથે ખાસ ૨૦ મેડિકલ ટીમો મુકવામાં આવી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ ૨૫ પથારી મહિલાઓ માટે અને ૨૫ પથારી પુરુષ દર્દીઓ માટે ખાસ અલાયદી ઉભી કરવામાં આવી છે.

## ''મેઈક ઈન ઈન્ડિયા'' અભિનવ પહેલને પ્રોત્સાહન આપવા માટેનું મુખ્ય પ્લેટફોર્મ : ડૉ હર્ષ વર્ધન

ગાંધીનગર, તા. ૭

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. હર્ષ વર્ધને આજે ભારપૂર્વક જણાવ્યું કે ભારતમાં સંશોધન અને અફોર્ડેબલ હેલ્થ કેર, ક્લીન એનર્જી, એરો સ્પેસને સંશોધન અને વિકાસ માટે ચાવીરૂપ ક્ષેત્રો તરીકે ઓળખી કાઢ્યા છે. આયુરજીનોમિક્સ અને



અભિનવ શોધખોળ માટેનું વાતાવરણ ઝડપથી બદલાઈ રહ્યું છે અને આ માટે ભારત સરકાર વિવિધ પ્રોત્સાહક યોજનાઓ દ્વારા વૈજ્ઞાનિકોને સહાય કરી રહી છે. આજે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ''ભારત કો માનો'' નામના ચર્ચા સત્રમાં બોલતા એમણે આ મુજબ જણાવ્યું હતું. ડૉ. હર્ષ વર્ધને જણાવ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી વિચારોના આદાન-પ્રદાન માટે ભારતીય યુવા પેઢી અને ઈન્ડિયન ડાયેસ્પોરાને સાંકળવા માટે પ્રતિબદ્ધ છે.

મંત્રીએ જણાવ્યું કે નવી પહેલને પ્રોત્સાહન આપવા માટે 'મેક ઈન ઈન્ડિયા' મુખ્ય પ્લેટફોર્મ પુરું પાડે છે. એમણે જણાવ્યું કે સરકારે કૃષિ સંશોધન, બાયો ટેકનોલોજી, નેનો વિજ્ઞાન, બાયોએન્ટરપ્રેન્યોરશીપ પણ આવા થ્રસ્ટ એરિયા છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, 'વિશ્વભરમાં ભારતીયો નવી પહેલોના ક્ષેત્રે અગ્રણી રહ્યા છે. નાસાના વૈજ્ઞાનિકોમાં ૧/૩ ભાગના ભારતીયો છે. તેઓને માત્ર કાર્ય માટેનું વાતાવરણ જ જોઈએ છીએ.'

અગ્રણી અમેરીકન સોસાયટીના અહેવાલોને ટાંકતા ડૉ. વર્ધને જણાવ્યું કે અભિનવ પહેલ અને સંશોધનની ગતિ વિકસીત દેશોમાં મંદ પડી છે, જ્યારે વિકાસતા દેશોમાં ઝડપી બની છે. એમણે કહ્યું, દેઓસ ખાતે વર્લ્ડ ઈકોનોમિક ફોરમ સમિટમાં ભાગ લેનાર ૧૭ ભારતીય કંપનીઓને ફર્સ્ટ જનરેશન એન્ટરપ્રિન્યોર અને ખાસ કરીને ટેક્નોક્રેટ દ્વારા ખાસ્સુ પ્રોત્સાહન મળ્યું હતું.

## વાઈબ્રન્ટ નઝારો નિહાળવા ભારે ભીડ

### સ્વર્ણિમ પાર્કના ફૂવારા, રોશની અને લાઈટીંગની જાકમજોળ આકર્ષણનું કેન્દ્ર : સાંજ ઢળતા જ જનમેદની ઉમટી પડે છે

ગાંધીનગર, તા. ૭

વાઈબ્રન્ટ લૂકમાં અદ્ભૂત લાગતા નગરના વિવિધ માર્ગો અને સ્વર્ણિમ પાર્કને નિહાળવા સાંજ ઢળતા જ નાગરિકોની ભીડ ઉમટી પડે છે. સ્વર્ણિમ પાર્કના ફૂવારા, લાઈટીંગ અને ઠેર-ઠેર કરાયેલી રોશનીના લીધે અદમ્ય આકર્ષણ ઉભુ થયું છે. શહેર ઉપરાંત અમદાવાદ સહીતના વિસ્તારમાંથી પણ મુલાકાતીઓ આ વાઈબ્રન્ટ



પાર્કના રંગબેરંગી ફૂવારા, લાઈટીંગ્સ અને રોશની પણ સ્થાનિક રહીશો અને મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. સાંજ ઢળતા જ નગરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં ભારે ભીડભાડ જોવા મળે છે. જેમાં સ્થાનિક રહીશો ઉપરાંત બહારગામથી આવતા નાગરિકોની પણ ભારે ભીડભાડ જોવા મળી રહી છે.


સ્વર્ણિમ પાર્કમાં બેન્ડની સૂરાવલીનુ સંગીત, મ્યુઝીકલ ફાઉન્ટેઈન અને રોશની





નઝારો જોવા આવી પહોંચે છે. સ્વર્ણિમ પાર્કમાં સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન અદ્ભૂત બેન્ડ સંગીતની સૂરાવલી પણ નગરજનો માટે આકર્ષણનું કેન્દ્ર બની છે.

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને શહેરને દુલ્હનની માફક શણગારવામાં આવ્યું છે. રોશનીથી જગમગતા નગરના માર્ગો અને બિલ્ડીંગોના લીધે નગરમાં અનોખો જગમગાટ જોવા મળી રહ્યો છે. જયારે સ્વર્ણિમ



નિહાળવા જનમેદની ઉમટી પડે છે જેના પરિણામે વાઈબ્રન્ટ નઝારો જાણે એક લોક ઉત્સવામાં રૂપમાં જોવા મળી રહ્યો છે. રોશનીથી સુશોભિત સર્કલો પણ મુલાકાતીઓનું ધ્યાન ખેંચી રહ્યા છે. નગરમાં રાત્રીના જાકમજોળ નિહાળવા ભીડ જામે છે. વાઈબ્રન્ટ નઝારાના લીધે નગરમાં પણ લોકઉત્સવનો માહોલ જોવા મળી રહ્યો છે. વાઈબ્રન્ટ ગ્લોબલ ટ્રેડ શૉ નું પણ આજે ઉદ્ઘાટન થતા ટ્રેડ શૉ જોવા માટે પણ નાગરિકોમાં ઉત્તેજના પ્રવર્તી છે.

## યુવા પેઢીને ગાંધીમૂલ્યોને આત્મસાત કરવા અને વૈશ્વિક નાગરિક બનવા જનરલ વી. કે. સિંઘનું આહ્વાન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલ પ્રવાસી ભારતીય દિવસના ત્રીજા ચર્ચા સત્ર 'ગાંધી વિચાર ૨૧મી સદીના સંદર્ભમાં - યુવા દ્રષ્ટિકોણ'માં બોલતા વિદેશ

દક્ષિણ આફ્રિકાના આંતરરાષ્ટ્રીય સંબંધો અને સહકાર મંત્રી સુશ્રી મેતે અંકોઆના-માશાબાને જણાવ્યું હતું કે ગાંધીજીએ અંગ્રેજો સામેની લડતમાં ગાંધીજીનું યોગદાન



અને પ્રવાસી ભારતીય બાબતોના રાજ્યમંત્રી જનરલ વી. કે. સિંઘે યુવાનોને ગાંધીજીના અને સ્વાતંત્ર્યસેનાનીઓના બલિદાનને યાદ કરવા જણાવ્યું હતું. ગાંધી વિચારોને ટાંકતાં એમણે યુવા પેઢીઓને રાષ્ટ્ર અને સમાજ માટે સમર્પિત કરવાની સલાહ પણ આપી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું કે ભારત ગામંડાઓનો બનેલો દેશ છે, જો ગામડાંઓ સમૃદ્ધ નહીં થાય તો દેશનો વિકાસ શક્ય નહીં બને. ગાંધીવાદી વ્યૂહમાં અહિંસા એ શક્તિશાળી દુશ્મન સામે લડવા માટેનું અગત્યનું સાધન હતું.

મહત્વપૂર્ણ હતું. એમણે ઉમેર્યું કે મહાત્મા ગાંધીના જીવનથી દક્ષિણ આફ્રિકાના લોકોને મોટી પ્રેરણા મળી હતી. એમણે ભારતીયોને અને દક્ષિણ આફ્રિકીઓને ગાંધીજી અને મંડેલાના વારસાને હળવાશથી ન લેવાની સલાહ આપી હતી. યુવા પેઢીએ એ બાબતે સતર્ક રહેવું પડશે કે જાતિ કે વંશવાદ ફરી એનું માથું ન ઉંચકે. ગાંધી શાંતિ સંસ્થાનના ઉપાધ્યક્ષ શ્રી પી. વી. રાજગોપાલે જણાવ્યું કે ગાંધીજીના વિચારો સદી પહેલાં જેટલા પ્રસ્તુત હતા તેટલા જ આજે પણ પ્રસ્તુત છે.

પ્રવાસી ભારતીય દિવસ તેમજ વાયબ્રન્ટ સમીટ-૨૦૧૫ ના કાર્યક્રમોને અનુલક્ષીને સૂચના

• તમામ ડેલીગેટ તેમજ આમંત્રીત મહેમાનો પોતાની સાથે બેગ, કેરીબેગ, ઈલેક્ટ્રોનીક ગેઝેટ,પીવાના પાણીની બોટલ,રીમોટ કી, ક્રિટીકલ હથિયાર, લેપટોપ કે અન્ય કોઇ ઇલેક્ટ્રોનીક વસ્તુ સાથે લાવી શકશે નહી.
• નક્કી કરેલ રૂટ ઉપર સાઈન બોર્ડ લગાવવામાં આવેલ છે,જેમાં દર્શાવેલ નકશા મુજબના રૂટ ઉપર પોતાના વાહનો લઇને આવવાનું રહેશે.
• પોલીસને સંપૂર્ણ સહકાર આપીએ.